# બિહારમાં સરકાર રચવા નીતિશકુમારનો દાવો

પટણા,તા. ૮

નીતિશકુમારના મુખ્યમંત્રી પદ હેઠળ રાજય સરકારની રચના માટેની અડચણો દૂર થઈ ચુકી છે. કારણ કે, આજે જેડીયુ અને અન્ય સાથી પક્ષોના પ્રતિનિધિઓએ રાજયપાલની ઓફિસમાં જઈને સમર્થનપત્રો સોંપ્યા હતા અને દાવો કર્યો હતો કે, નીતિશકુમાર ૧૩૦ ધારાસભ્યોનો ટેકો ધરાવે છે. હવે રાજયપાલ કેસરીનાથ ત્રિપાઠી આવતીકાલે રાજયના પાટનગરમાં પરત ફર્યા બાદ જેડીયુના નેતા નીતિશકુમાર તેમને મળીને સરકારની રચના કરવાનો વિધિવતરીતે દાવો કરશે. જાણકાર સૂત્રોનું કહેવું છે કે, બિહારમાં સરકારની રચના આડે કોઈ અડચણો રહી નથી. જેડીયુના રાજયપ્રમુખ બસિસ્ટ નારાયણ સિંહે રાજભવનની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, અમે રાજભવન જઈને



આવ્યા છે. રાજયપાલની ઓફિસમાં ૧૩૦ ધારાસભ્યોના ટેકાના પત્રોના સોંપવામાં આવ્યા છે જેમાં આરજેડી, કોંગ્રેસ, સીપીઆઈ અને અપક્ષ ધારાસભ્ય દુલાલચંદ ગોસ્વામી સહિત ૧૩૦ સભ્યોના ટેકાના પત્રો છે. તેમણે કહ્યું હતું કે, નવા ચૂંટાયેલા જેડીયુ વિધાનસભા પાર્ટીના નેતા નીતિશકુમારની તરફેણમાં આ પત્રો આપવામાં આવ્યા છે. સિંહે ઉમેર્યું હતું કે, તેઓએ જેડીયુના રાષ્ટ્રીય પ્રમુખ શરદ યાદવના પત્રથી પણ રાજભવનના અધિકારીઓને વાકેફ કરવામાં આવ્યા છે જેમાં જણાવાયું છે કે, ગઈકાલે નીતિશકુમારની નિમણૂંક કરાયા બાદ શાસક વિધાનસભા પાર્ટીમાંથી માંઝીને દૂર કરાયા છે. સિંહની સાથે વરિષ્ઠ પાર્ટી નેતાઓ વિજયકુમાર ચૌધરી, આરજેડીના નેતા એબી સિદ્દીકી, કોંગ્રેસના ધારાસભ્ય સદાનંદ સિંહ, સીપીઆઈના નેતા જીતેન્દ્ર નારાયણ અને અપક્ષ ધારાસભ્ય ગોસ્વામી પણ હતા. બિહારમાં રાજકીય કટોકટી વચ્ચે હવે સરકાર રચવાનો દાવો કરવામાં આવનાર છે. બીજી બાજુ બિહારમાં રાજકીય કટોકટી અંગે રાજકીય પ્રતિક્રિયાઓ મળી રહી છે.

કેસરીનાથ ત્રિપાઠી આવતીકાલે પટણા પહોંચશે. દરમિયાન કેન્દ્રીય પ્રધાન રામવિલાસ પાસવાને માંઝીને ટેકો આપ્યો છે અને કહ્યું છે કે, લોકજનશક્તિ પાર્ટી તેમની સાથે કામ કરવા ઈચ્છુક છે. તેમણે ઉમેર્યું હતું કે, આરજેડીના વડા લાલૂ યાદવ અને જેડીયુ નેતા નીતિશકુમાર નવી પટકથા લખી રહ્યા છે. બીજી બાજુ માંઝીએ કહ્યું હતું કે, વડાપ્રધાન સાથે તેમની બેઠકને લઈને તેઓ ઈચ્છુક છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, માંઝી કી નાવ કભી નહીં ડુબતી હૈ. દરમિયાન ભાજપે તેની પ્રતિક્રિયામાં કહ્યું છે કે, નીતિશકુમાર અને શરદ યાદવ બિહારમાં રાજકીય અસ્થિરતા માટે જવાબદાર છે. ભાજપના પ્રવક્તા પ્રેમ પ્રકાશ રંજનનું કહેવું છે કે, બિહારમાં જટિલ સ્થિતિ સર્જાઈ છે. બીજી બાજુ નીતિશકુમાર આવતીકાલે રાજભવનમાં તેમના સમર્થનમાં ૧૩૦ ધારાસભ્યોની પરેડ કરાવવા તૈયાર છે. પક્ષમાં ભંગાણ પાડવાના પ્રયાસનો ભાજપ પર આક્ષેપ કરાયો છે.

## હવે અટારી ગેટ બુલેટપ્રુફ બનાવવા બીએસએફનો નિર્ણય

નવીદિલ્હી, તા. ૮

પાકિસ્તાનમાં વાઘા સરહદ નજીક હાલમાં ભીષણ આત્મઘાતી હુમલો કરવામાં આવ્યા બાદ તેની વિનાશકતાને ધ્યાનમાં લઈને કોઈ પણ સરહદપારથી હુમલાને રોકવા માટે બીએસએફે કેટલાક પગલા લેવાનો નિર્ણય કર્યો છે. જેના ભાગરૂપે બોર્ડર સિક્યુરિટી ફોર્સે અટારી, હુસૈનવાલા અને સાદકી સરહદ ખાતે ગેટને બુલેટપ્રુફ બનાવવાનો નિર્ણય કર્યો છે. શાનદાર રીટ્રેટ કાર્યક્રમને નિહાળવા માટે દર રોજ સેંકડો પ્રવાસી આ સરહદી ચોકીઓ પર પહોંચે છે. ભાગલા બાદ પ્રથમ વખત બીએસએફ દ્વારા અટારી જમીન સરહદની સામે બુલેટપ્રુફ સ્ક્રીન સ્થાપિત કર્યા છે. સરહદ નજીક આત્મઘાતી હુમલાના કેસમા સ્થિતી વધુ ખરાબ ન બને તે માટે પગલા લેવામાં આવ્યા છે. સરહદ પારથી કોઈ પણ સીધા ગોળીબારને રોકવા માટે પણ ખાસ પગલા લેવામાં આવ્યા છે. અમૃતસર સેક્ટરમાં બીએસએફના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ એમએફ પારૂકીએ કહ્યું છે કે અમે પાકિસ્તાની રેન્જર્સની સુરક્ષા પર આધારિત રહી શકીએ નહી. તેમણે કહ્યું છે કે દર રોજ અટ્ટારી રિટ્રેટ કાર્યક્રમ માટે ૧૦૦૦૦-૧૫૦૦૦ પ્રવાસી પહોંચે છે. પરંતુ હુસૈનવાલા અને સાદકી ખાતે પહોંચતા લોકોની સંખ્યા ઓછી હોય છે. ફારૂકીએ કહ્યું છે કે પાકિસ્તાની બાજુથી કોઈ સીધા ગોવીબારના કેસમાં અટારી સરહદી ગેટની બાજુએ બુલેટપ્રુફ ગ્લાસ સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે. સુદ્દોએ કહ્યું છે કે બુલેટપ્રુફ ગ્લાસ દિવલા હુસૈનવાલા, ફિરોજપુર અને સાદકી આંતરરાષ્ટ્રીય સરહદી ચોકીઓ ખાતે ગોઠવી દેવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે વાઘા ખાતે ગેલેરી નજીક પાકિસ્તાનમાં હુમલો કરવામા આવ્યો હતો. તહેરિકે તાલિબાનના બોમ્બરે બીજી નવેમ્બર ૨૦૧૪ના દિવસે બ્લાસ્ટ કર્યો હતો. જેમાં ૬૦ લોકોના મોત થયા હતા. આ હુમલા બાદ ભારતને વધારે સાવચેતી રાખવાની જરૂર દેખાઈ રહી છે.

## વોર્મ અપ મેચ : ભારત પર ઓસ્ટ્રેલિયાનો ભવ્ય વિજય

એડિલેડ, તા. ૮

આઈસીસી વર્લ્ડકપની શરૂઆત આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે વોર્મ અપ મેચોની શરૂઆત થઈ ગઈ છે. પ્રેક્ટિસ રુપે દરેક ટીમો વોર્મઅપ મેચ રમનાર છે. આજે પ્રથમ મેચમાં જ યજમાન ઓસ્ટ્રેલિયાએ ભારતને ૧૦૬ રને હાર આપીને આ વર્લ્ડકપમાં સૌથી પ્રબળ દાવેદાર હોવાની વાત સ્પષ્ટપણે સાબિત કરી હતી. પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ નિર્ધારિત ૫૦ ઓવરમાં ૩૭૧ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ ૨૦૬૫ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી કમિન્સે ૩૦ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી આજની મેચમાં નવ બોલરોએ બોલિંગ કરી હતી. કોઈપણ બોલરે ૧૦ ઓવરની બોલિંગ કરી ન હતી.



આજની મેચમાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન બેલીએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ શાનદાર શરૂઆત કરી હતી અને પ્રથમ આઠ ઓવરમાં જ ૬૨ રન બનાવી લીધા હતા. આજની મેચમાં ઓસ્ટ્રેલિયા તરફથી મેક્સવેલની ઝંઝાવતી બેટિંગ રહી હતી. મેક્સવેલે માત્ર ૫૭ બોલમાં ૧૧ ચોગ્ગા અને આઠ છગ્ગા સાથે ૧૨૨ રન ફટકાર્યા હતા. જ્યારે ઓપનિંગ બેટ્સમેન ડેવિડ વોર્નરે ૮૩ બોલમાં ૧૪ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૧૦૪ રન બનાવ્યા હતા. ભારત તરફથી સામીએ ત્રણ તથા યાદવ અને શર્માએ બે બે વિકેટ ઝડપી હતી. જીતવા માટેના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમે નિયમિતગાળામાં વિકેટ ગુમાવી હતી. ભારત તરફથી શિખર ધવને ૫૯, રહાણેએ ૬૬, રાયડુએ ૫૩ રન કર્યા હતા. બાકીના બેટ્સમેનો નિષ્ફળ રહ્યા હતા. મેક્સવેલની મેન ઓફ દ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. હવે આવતીકાલે વોર્મઅપની મેચો રમાનાર છે. જેમા ન્યુઝીલેન્ડની ટીમ ઝિમ્બાબ્વે સામે રમશે જ્યારે દક્ષિણ આફ્રિકાની ટીમ શ્રીલંકા સામે ટકરાશે. ઈંગ્લેન્ડની ટીમ વિન્ડિઝ સામે રમશે જ્યારે પાકિસ્તાન બાંગ્લાદેશ સામે ટકરાશે.

## કેન્દ્રીય સ્કીમો માટે ૯૦ ટકા ગ્રાન્ટની અખિલેશની માંગ

નવીદિલ્હી, તા. ૮

ઉત્તરપ્રદેશે આજે કેન્દ્રીય યોજનાઓ માટે ૯૦ ટકા ગ્રાન્ટની માંગ કરી હતી અને કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા લાદવામાં આવેલી કઠોર શરતોના પરિણામ સ્વરુપે મોટાભાગના રાજ્યો માટે તેમનામાંથી લાભ લેવાની બાબત ખુબ જ મુશ્કેલરુપ બનેલી છે. કાઉન્સિલ ઓફ નીતિ આયોગની પ્રથમ બેઠકને સંબોધતા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે કહ્યું હતું કે, કેન્દ્રીય પ્રાયોગિક સ્કીમો હેઠળ ૯૦ ટકા ગ્રાન્ટ આપવામાં આવે તે જરૂરી છે. યાદવે પંચ વર્ષીય યોજનાઓને ચાલુ રાખવા ઉપર ભાર મુક્યો હતો પરંતુ એમ પણ કહ્યું હતું કે, ૧૦થી ૧૫ વર્ષની અવધિની લાંબા ગાળાની યોજનાઓ બનાવવા માટેની જરૂરિયાત સાથે તેવો સહમત છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સતત વાતચીત ઉપર ભાર મુકતા અખિલેશ યાદવે રાજ્યોને ફંડની ફાળવણીની પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવાની રજૂઆત કરી હતી. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ખુબ ઓછા રાજ્યોને કેન્દ્રની યોજનાઓથી લાભ મળી રહ્યા છે. કારણ કે, તેમના ઉપર લાદવામાં આવેલી શરતોને પાળવાની બાબત મુશ્કેલરુપ છે. વધુ રાજ્યો લાભ ઉઠાવી શકે તે દિશામાં કામ કરવા તેવોએ અપીલ કરી હતી. સબકા સાથ સબકા વિકાસના મોદીના નવા મંત્રનો ઉલ્લેખ કરતા યાદવે કહ્યું હતું કે, આર્થિકરીતે નબળા રાજ્યોને પુરતા સંશાધનોની જોગવાઈ વગર આ મંત્ર પૂર્ણ કરવાની બાબત શક્ય નથી. પક્ષપાત માટે કોઈ જગ્યા ન રહે તે જરૂરી છે. વધુ પારદર્શકરીતે નાણા ફાળવવામાં આવે તે જરૂરી છે. કો-ઓપરેટિવ ફેડરાલીઝમના કોન્સ્ટેપ્ટની વાત કરતા યાદવે કહ્યું હતું કે, નીતિ આયોગે રાજ્યના પ્રતિનિધિઓ સાથે તમામ મોટા સેક્ટરો અંગે સાથે મળીને કામ કરવું જોઈએ. નીતિ આયોગની રચના બાદ નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલ કામ કરશે તે અંગે આશ્ચર્યની લાગણી વ્યક્ત કરી હતી.

## બ્લેકમની : ભારત સાથે કામ કરવા સ્વિસ તૈયાર

નવીદિલ્હી, તા. ૮

બ્લેક કાળા નાણાના મોરચે જોરદાર દબાણનો સામનો કરી રહેલા સ્વિત્ઝર્લેન્ડે કહ્યું છે કે, તે ભારત સાથે સહકાર કરવા તૈયાર છે. દ્વિપક્ષીય સંબંધો કેટલાક મુદ્દાને લઈને તંગ રહ્યા છે.

ચોરી કરવામાં આવેલા ડેટાના આધાર પર બેંક ખાતાઓની વિગતો વહેંચવાનો ઈન્કાર કર્યા બાદ ભારત અને સ્વિત્ઝર્લેન્ડ વચ્ચેના સંબંધો તંગ રહ્યા છે પરંતુ હવે સ્વિસ સરકારે કહ્યું છે કે, ખુબ જ મુશ્કેલરુપ પર્યાવરણ અને માહિતીની વહેંચણીને લઈને મતભેદો હોવા છતાં ભારત સાથે મંત્રણા માટેના રસ્તા ખુલ્લા છે. ભારતને તે સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે તેમ જણાવીને સ્વિત્ઝર્લેન્ડે તેના નવેસરના વાર્ષિક અહેવાલમાં કહ્યું છે કે, ભારત તેના ચાર સૌથી મહત્વપૂર્ણ ભાગીદાર પૈકીનો એક છે. જે દેશો સાથે વર્ષ ૨૦૧૪ દરમિયાન ટેક્સ મામલાઓમાં સહકારની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ભારતની સાથે અન્ય જે દેશોને વધારે મહત્વ આપવામાં આવ્યું છે તેમાં ફ્રાંસ, ઈટાલી અને અમેરિકાનો સમાવેશ થાય છે. સ્વિત્ઝર્લેન્ડને કાળા નાણા માટે ગણવામાં આવે છે. અહીં ઘણા દેશોના લોકો નાણા જમા કરાવતા રહ્યા છે.

## મતભેદો દફનાવી સાથે મળી કામ કરવા નરેન્દ્ર મોદીએ અપીલ કરી

નવીદિલ્હી,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં નીતિ આયોગની પ્રથમ બેઠકનું નેતૃત્વ કર્યું હતું જેમાં પોતાના સંબોધનમાં મોદીએ ઉંચા વિકાસ, મૂડી રોકાણ અને અસરકારકતા ઉપર ધ્યાન આપવા તમામ રાજ્યોને અપીલ કરી હતી. ધીમીગતિથી ચાલી રહેલા પ્રોજેક્ટોને ઝડપી બનાવવા અંગત રીતે નજર રાખવા મુખ્યમંત્રીઓને અપીલ કરતા વડાપ્રધાને વિકાસને પ્રોત્સાહન આપવા, રોજગારીની તકો ઉભી કરવા, મૂડીરોકાણને વધારવા માટે મતભેદોને દફનાવી દેવા તમામ રાજ્યોને અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, ગરીબી નાબૂદી દેશ સમક્ષ સૌથી મોટો પડકાર છે. આના માટે ઘણા પગલા લેવાની જરૂર છે. નીતિ આયોગ દ્વારા ત્રણ સબ ગ્રુપની રચના કરશે. બે ટાસ્ક ફોર્સ રહેશે જે પૈકી એક ગરીબી નાબૂદી અને બીજી કૃષિ સેક્ટર અંગેની રહેશે. મોદીએ સૂચન કર્યું હતું કે, પેન્ડિંગ રહેલા મુદ્દાઓના ઝડપી ઉકેલની ખાતરી કરવા તથા નજર રાખવા રાજ્ય સરકારમાં એક ઓફિસરને ઓળખી કાઢવાની મોદીએ માંગ કરી હતી. નીતિ આયોગની ગર્વનિંગ કાઉન્સિલની પ્રથમ બેઠકને સંબોધતા વડાપ્રધાને કહ્યું હતું કે, નવી રચાયેલી આ સંસ્થા સહકારની ભાવનાથી કામ કરશે. છ દશક જૂના આયોજન પંચની જગ્યાએ તેની રચના કરવામાં આવી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકાર માટે થીંકટેંક તરીકે કામ કરનાર પંચની જગ્યાએ આની નિમણૂંક કરાઈ હતી. નવી સંસ્થાના ચેરમેન તરીકે વડાપ્રધાન રહ્યા છે. મૂડીરોકાણ, રોજગારી, સમૃદ્ધિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા તેમણે અપીલ કરી હતી. આ બેઠકમાં ઘણા રાજ્યોના મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા. ૩૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્યમંત્રી અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાને ૬૬ કેન્દ્રીય યોજનાઓને તર્ક સંગત બનાવવા સૂચન કરવા મુખ્યમંત્રીઓની બનેલા ત્રણ સબ ગ્રુપની રચનાની જાહેરાત કરી હતી. સ્કીલ ડેવલપમેન્ટને પણ આમા આવરી લેવામાં આવે છે. પ્રથમ સબ ગ્રુપ સૂચન કરશે જેના આધાર પર આગળ વધવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, મુખ્યમંત્રીઓએ ધીમા પડેલા પ્રોજેક્ટો ઉપર પોતે ધ્યાન આપવું જોઈએ.

## ઓરિસ્સામાં હાથીના હુમલામાં ત્રણના મોત

ઓરિસ્સાના કિયોનઝાર જિલ્લામાં બે જુદા જુદા બનાવોમાં હાથી દ્વારા કરવામાં આવેલા હુમલામાં એક દંપત્તિ સહિત ત્રણ લોકોના મોત થયા છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, પૂર્ણામહંતા અને તેની પત્નિ અબાંતી મોહન્તા પર ગઈકાલે મોડી રાત્રે હાથીએ હુમલો કરી દીધો હતો.

આ લોકો પોતના ગામ સીતામપુર ખાતે મોડી રાત્રે ઉંઘી રહ્યા હતા ત્યારે ડાંગરના ખેતરમાં હાથીએ હુમલો કર્યો હતો. અન્ય એક બનાવમાં પણ હાથીના હુમલામાં એકનું મોત થયું હતું. મૃતકના પરિવાર માટે વન્ય સત્તાવાળાઓ દ્વારા વળતરની જાહેરાત કરવામાં આવી છે. ઓરિસ્સાના કિયોનઝાર જિલ્લામાં વારંવાર વન્ય પ્રાણીઓ દ્વારા લોકો ઉપર હુમલા કરવામાં આવે છે અને આમા ખુવારી પણ થાય છે. તંત્ર દ્વારા આની હવે નોંધ લેવામાં આવી છે. પોલીસે તમામ ત્રણેયના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા છે.

## સમાચાર ઝલક

- ભાવનગરમાં ત્રણ સંતાનો સાથે માતાએ કુવામાં ઝંપલાવ્યું
- વડોદરામાં લગ્નપ્રસંગે ઘરમાંથી ૨૧ લાખની ચોરીથી સનસનાટી.
- અમદાવાદમાં મહિલાનું મોત થતાં હોસ્પિટલમાં સગાઓનો હોબાળો.
- ભાવનગરમાં ૪ રહેણાંક મકાનોમાં આગ ભભૂકી ઊઠી.
- રાજકોટમાં લાંચિયા મહિલા અધિકારી સામે રિમાન્ડ માટે હાઇકોર્ટમાં અપીલ કરાશે.
- ગુજરાતમાં સ્વાઇન ફ્લૂનો કહેર યથાવત, રવીવારે વધુ ૬ વ્યક્તિઓનાં મોત.
- ભૂજની સરકારી હોસ્પિટલમાં કર્મચારીઓની હડતાળ.
- મહારાષ્ટ્રમાં જાહેર સ્થળોએ ૬ હજાર સી.સી.ટી.વી કેમેરા મુકાશે.
- બેંગ્લોરમાં વિશ્વ હિન્દુ પરિષદનું વિરાટ સંમેલન, પ્રવીણ તોગડિયાની અટકાયત, ૬૦૦૦ જવાનોનો સલામતી બંદોબસ્ત.
- પૂર્વ કેન્દ્રિય મંત્રી મતંગસિંહ સામે શારદા ચીટ ફંડ કેસ મામલે ૧૦૦ કરોડની સંપત્તિ ઝડપાઇ.
- દિલ્હીમાં કૂલર માર્કેટમાં ભીષણ આગ, ૪ દુકાનો ભસ્મીભૂત.
- ગાઝિયાબાદમાં રેલ્વે ટ્રેનમાં લૂંટ કરનારી ૬ વ્યક્તિઓની ગેંગ ઝડપાઇ.
- રેલ્વે અને રસ્તાઓને આગામી બજેટમાં મહત્ત્વ અપાય તેવી શક્યતા.
- બગદાદમાં આતંકી હુમલામાં અમેરીકન યુવતીનું મોત.
- મોરેશિયસના પૂર્વ વડાપ્રધાન રામગુલામની અટકાયત કરાઇ, સમુદ્ર ખનીજ સંપત્તિની ચોરી મામલે આરોપી.
- યુક્રેનમાં રશિયાની જોરદાર લડાઇ ચાલુ.
- ક્રૂડ ઓઇલના ભાવ માટે રશિયામાં મંત્રણાનો દોર ચાલુ.

## અબોલાનું ગણિત (પાના નં.૪ નું ચાલું)

વાતનું વતેસર થયા પછી મારે જેની ને એકલીને નહી તેના મમ્મી પપ્પાને પણ સમજાવવાના...બાપરે બાપ તેતો સૌથી અઘરું કામ.

તમને તો એક વખત ના કહી એટલે તમને આગળ કોઈ પ્રશ્ન નહી પણ જેનીનાં પપ્પાને તો કાલ્પનીક ભયોનાં ડુંગરા પણ એટલાં બધાં કે તમને શું કહું?

મેં તો જેની ને સાચા મનથી ચાહી છે પણ બસ તમારી જેમ જ એને મારું બધ્ધુંજ જોઈએ અને તે પણ તેની જ રીતે... હું તેને કહું પણ ખરો કે જેની! તે મારી મા છે તેનો મારા ઉપરનો અધિકાર અને તારો પણ મારા ઉપરનો અધિકાર એ બે તદ્દન જુદી જ હકીકતો છે. બેમાં થી કોઈ એક મેક્નો હક્ક ડુબાડતા નથી પણ જેમ તમારો કાલ્પનીક ભય...જેની મને છોડી દેશે જેમ ખોટો પડ્યો તેમ જ તેનો કાલ્પનીક ભય ખોટો પડે તેની રાહ જોઉં છુ.

તમે બંને પોતાની વાતોમાં એટલા બધા ગળા ડુબ છો કે બીજી કોઈ શક્યતાને જોતાં જ નથી અને તે બીજી શક્યતા એટલે હું અને મારું મન શું ઝંખે છે તે.

તમારી બીજી ફરમાઈશો પુરી કરવાનું હું સમજું છું પણ તે તમારી રીતે નહી પણ મારી રીતે... અને હું જોઈ રહ્યોછું કે મેં તે ફરમાઈશો પુરી ના કરી ત્યારે તમે જાતે તેનો રસ્તો શોધતાં થયાં.

જેમ કે પપ્પાને તે વખતે ખોટું લાગ્યુ જ હશે જયારે મેં તેમની કંપ્યુટર તકલીફો સોલ્વ કરવાને બદલે ગુગલ કરીને શોધી લો તેમ કહ્યું કારણ મને ખબર છે કે હું પણ તે જ કરું છું... એ જેમ જાતે કરતા ગયા તેમ મારા ઉપરની તેમની આલંબન પ્રક્રિયા ઘટતી ગઈ. જોકે વૃંદાબેન પણ ધુંધવાઈ કારણ કે તે મારા જવાબ આપવાનાં પ્રકારો ઉપર ધુંધવાઈ હતી પણ હવે તો તે પણ આ બાબતે રાહત અનુભવે છે કારણ કે પુછતા જ પંડીત થવાય તેમ હવે પપ્પાને નાના પ્રશ્ના ઉકેલ આવડી ગયો છે.

•••

વૃંદા કહેતી હતી મમ્મી! તું શું કામ કેતૂલને યાદ કરીને રડ્યા કરે છે હેં? તારું કયું કામ અટક્યુ? તેના સંજોગો બદલાશે ત્યારે તે પણ મદદ કરશેજ ને? અને આજમાં જીવ. કેતુલ નથી તો વૃંદા તો છે જ ને? માની લે ને કે તુ અમેરિકામાં છે અને તે ભારતમાં.. તને કે પપ્પાને કશું થશે તો હું છું ને જોવા વાળી.

પણ બેટા તું તો છોકરી.. તારું અમારાથી ના ખવાય.

કેવી વાત કરે છે મમ્મી? મને અને કેતૂલને બંને ને જણવામાં શું પીડાથી તારી જાંઘો થરથરી નહોંતી? અસહ્ના દુઃખ નહોંતુ અનુભવ્યુ? વળી ૨૫ વરસ સુધી જેમ એણે રોટલા ખાધા તેમ મેં નથી ખાધા? તને રોટલા ઘડતા થાક નહોંતો લાગ્યો? અમેરિકામાં અમને બંને ને તમે કેવી રીતે ભણાવ્યા તે શું અમને ખબર નથી?

હા બેટા બધુંય સાચું છતા વિશ્વાસ નથી બેસતો શું આ એજ મારો કેતુલ? જે મને મજુરીની નોકરીમાં હું થાકીને આવું ત્યારે કહેતો કે મા મને ભણી લેવાદો પછી હું તમારું રીટાયરર્મેટ કરીશ. અને આજે હવે મને કહે છે હજી હાથ પગ ચાલે ત્યાં સુધી કામ કરો.

જુઓ મમ્મી જયારે તું ભૂતકાળમાં બેસીને મરશીયાં ગાતી હોય ત્યારે મને પપ્પાનો અભિગમ ગમે છે. તેઓ કહે છે ભૂતકાળ એ તો વટાવાઈ ગયેલો ચેક છે. જે છે તે આજ છે પ્રેઝંટ અને પ્લેઝંટ અને આજે વિચારીને જે આવતી કાલની કલ્પના કરો તો તે હુંડી છે.

મમ્મીને કોઈ રાહત ન થતી જોઈ તે ફરી બોલી. મારો કેવીન તમારી પાસે છે જ ને?

જો બેટા પાછી તું મને કહીશ કે હું જુનવાણી પણ કેવીન એ દોહિત્ર અને વીક પૌત્ર. પૌત્ર તર્પણ કરે તો અમને ઉપર પહોંચે અને કેવીન ગમે તેમ તો ય પરગોત્રી.

આ જબરું..મારામાં અને કેતૂલમાં બંનેમાં તમારું લોહી તો ખરુંને? અને એકનું પહોંચે અને બીજાનું ના પહોંચે એ બધા પંડીતો એ સર્જેલા વાડા છે. હું તો તેને નથી માનતી. કેવીન અને વીક બંને માંદા પડે ત્યારે તમારું બંને માટેનૂ ખેચાણ સરખુંજ હોય છે ને? તો પછી એક્નું પહોંચે અને બીજાનું ના પહોંચે વાળી વાત અમેરિકામાં કોઈને પણ કહીશ તો હસશે.

કંપ્યુટર ઉપર કામ કરતો અક્ષય પાણી પીવા રૂમ માં આવ્યો. માદીકરી જે વાતો કરતા હતા તે થોડીક સાંભળી હતી તેથી બોલ્યો - વૃંદા ઉંઘતાને ઉઠાડી શકાય જાગતાને નહી!

એટલે સીમા એ ભડકી ને પુછ્યુ.

એટલે એમ કે અહી ની આજની પરિસ્થિતિમાં સુખ છે તે જાણતી હોવા છતા દુઃખ પેદા કર્યા કરે છે તારું માતૃ વલણ.

મને સમજાય તેવું તમે બોલો.

જો કેતૂલ અને જેની તારા ઘરે તેમના પેટ્સ લઈને રહેવા આવશે તો તને ગમશે?

સીમાએ પ્રતિભાવ આપ્યો - નો, વે

તો પછી શા માટે તારી જાતને આ રીતે સમજાવતી નથી કે અમેરિકન વહુ કંઈ તેં જેવી બા ની સેવા કરી તે રીતે કરી શકવાની નથી. તો પછી છોકરો તેનાં ઘરે તેની મરજી મુજબ જીવે છે તે શું આનંદની ઘટના નથી? એ જીદ છોડને કે બધું તારી રીતે જ થવું જોઈએ..અને એમ ના થાય ત્યારે દીકરો બદલાઈ ગયાનાં અરણ્ય રુદનો કરવાના જો તે તારું જ લોહી છે અને તેંજ એને તારા જેવો જીદ્દી સ્વભાવ આપ્યો છે.

ક્યારેક વિચાર કરકે ઝંઝાવાત સામે વડલા ઉખડી જાય છે જયારે તણખલા ટકી જાય છે કારણ કે તે પવન સાથે ફરી જાય છે.વડલા થવાની જીદ જો તું છોડી દઈશ તો આ બોર બોર જેટલા અકારણ પડતા આંસુઓ સુકાઈ જશે.

વૃંદા પપ્પા સામે જોઈ રહી..એ મમ્મીને આટલુ સહજ ના સમજાવી શકી હોત.

તો શું અબોલા એણે મને દુર રાખવા નથી લીધા?

જો એ હજી તેના જીવનમાં માંડ સ્થિર થયો છે. વળી વીક એને પણ એટલો જ વહાલો છે તેથી સાવચેતી રાખે છે કોઈ પણ પ્રકારની ગેરસમજ તેના જીવન ને વેર વિખેર ના નાખે.. અને તને તો ખબર છે ને કે સંવેદનશીલ સ્વભાવ એને આપણો વારસો છે.

મમ્મી તને વીકને જોવો છે તો ચાલ આપણે તેમને આપણા ઘરે બોલાવીયે. પણ શરત એક જ કે બહેરા મુંગા અને જોયુ ન જોયુ કરી દેવાની તૈયારી સાથે બોલાવીયે.. વૃંદાએ ગરમ તપેલા લોઢા ઉપર પાણી છાંટ્યું.

સીમાનું મોં વૃંદાની અપેક્ષા પ્રમાણે પડી ગયું.

મારે જ બધે ઝુકવાનું? આખી જિંદગી ગઈ ઝુકવામાં...

એટલે જ તો પપ્પા કહે છે ને કે જાગતાને ના જગાડાય. વળી આ સાસુપણાને મા માં ફેરવીશ તો ઝઘડા નહી રહે. અને અબોલા નહી થાય.

સીમા ફરી થી છંછેડાઈને બોલી- ના. ભલે તો એ લોકો તેમને ત્યાં રહે...

અક્ષય મુંછોમાં હસતો હતો તે જોઈ સીમા ફરી ભડકી... તમે તો જરા લાજો.. મારો પક્ષ લેવાને બદલે દીકરી સાથે બેસી જઈને મને એકલી પાડો છો.

અક્ષય ગંભીર થઈને બોલ્યો - આ અબોલા રાખવામાં સાચું કહું તો સીમા તને જ વધારે ફાયદો છે. બાકી વડીલ તરીકે વારે ને તહેવારે તારે જ ખાલી થવું પડશે અને દુઃખનાં ટોપલા ક્યાં ક્યાંથી તું શોધી કાઢીશ.અને પેલો બીન વહેવારીયો કેતૂલ છોલાઈ મરશે. જયારે જયારે તેની વાતો યાદ આવે ત્યારે જેમ તે પણ રડી લે છે તેમ તું પણ રડીને શમી જજે.

સીમા જાણે કેતૂલ અને વૃંદાની વાત સમજતી હોય તેમ નિઃસાશો નાખતા બોલી...ખૈર કોઈક ભવે એમને દુભવ્યા હશે તેથી આજે દુભાવુ પડે છે.

વૃંદા બોલી - મમ્મી મને પણ થાય છે કે એક જ ભાઈલો છે એક જ સબડીવીઝન છતા આ અંતર કેમ? પણ પછી થાય છે કે આમ અબોલા રાખવાથી તેના લગ્ન જીવનમાં શાંતિ રહે છે ને? તો પછી એમ જ માની લેવાનું તે વડોદરા તેના ઘરમાં છે અને હું અહી ન્યુ જર્સી અમેરિકામાં...

બોર બોર જેવા મોટાં આંસુ ત્રણેયની આંખોમાં ડોકાતા હતા. પણ અબોલાનું ગણીત સમજાઈ ગયુ હતું અને હવે તે સમજ આંસુ નહી પણ સ્વસ્થતા લાવશે તેવું અક્ષય દ્રઢતાથી માનતો હતો.